PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૯/ક્વા–૦૩/૧૬–૧૭/ 1128 તા. 07/02/17

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
લગારીયા અરજણભાઈ કેશુરભાઈ,
કુંડુ વાડી વિસ્તાર,
ગામ: પટેલકા
તા.કલ્યાણપુર
જી: દ્વારકા
મો: ૯૪૨૭૨ ૨૪૯૨૭

વિષય :–સોલાર પમ્પ સેટ મેળવવા માટે
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૯/ક્વા–૦૩/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 3)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, ભાટીયા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૬૯/કવા–૦૩/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૦૩–૦૨–૧૭ સ્થળ :–જામનગર

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: લગારીયા અરજણભાઈ કેશુરભાઈ,ગામ: પટેલકા,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, ભાટીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :જે.એમ.સીન્ધી, નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

ફરીયાદ : સોલાર પમ્પ સેટ મેળવવા માટે

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ, કલ્યાણપુર તાલુકાના ગામ: કેનેડી ખાતે ના સર્વે નંબર : ૨૮૮ પૈકી ૨ પૈકી ૨ મા, '' સરકાર શ્રી ની પ્રવર્તમાન સૌર – ઉર્જા અંતર્ગત સીચાઈ યોજના '' હેઠળ ની, અગાઉ ની સામાન્ય યોજના હેઠળ ની, નવા ખેતીવાડી વીજજોડાણ ની, '' સોલાર પમ્પ સીસ્ટમ '' હેઠળ પરીવર્તીત થયેલ અને પીજીવીસીએલ દ્વારા મંજુર કરાયેલ એવા '' સોલાર પમ્પ સીસ્ટમ '' હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ના પીજીવીસીએલ તરફથી અપાયેલ મંજુરી અન્વયે ના ભાવપત્રક ની રકમ રૂ.૩૬,૫૦૦/– તા.૨૭–૧૧–૧૫ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. |
| ૧.૨ | પરંતુ, તેઓ શ્રી ને, સોલારપંપ પીજીવીસીએલ તરફથી અપાયેલ ન હોવાના કારણોસર, તેઓ શ્રી એ પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા, વારંવાર મૌખીક રજુઆતો પણ કરેલ હતી. તેમ છતા, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને કોઈ પ્રત્યુતર મળેલ ન હતો. જેથી, તેઓ શ્રી એ, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા, (૧) તા.૨૨–૦૬–૨૦૧૬ અને ત્યારબાદ તા.૨૦–૧૨–૨૦૧૬ ના રોજ ના લેખીત યાદીપત્રો પણ આપેલ હતા. તેમ છતા, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, તેઓ શ્રી ને મંજુર કરાયેલ એવુ, અગાઉ તા.૨૭–૧૧–૧૫ ના રોજ ભાવપત્રક ભરપાઈ થયેલ એવુ સોલાર પમ્પ યોજના હેઠળ નુ નવુ, ૭.૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ, જે સોલાર પમ્પ લગાડી ને ચાલુ કરવાની કોઈ કાર્યવાહી થયેલ ન હોવા ના કારણોસર, અરજદાર શ્રી એ અન્યાય ની લાગણી સાથે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી અરજણભાઈ કેશુરભાઈ લગારીયા ની તેમના ગામ: કેનેડી ખાતે ના સર્વે નંબર : ૨૮૮ પૈકી ૨ પૈકી ૨ મા અગાઉ સામાન્ય યોજના હેઠળ ના, નવા ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ માટે નોંધાવેલ તા.૨૪–૦૯–૧૨ ની અરજી ને, તે સમય ની સરકાર શ્રી પ્રારીત એવી '' સૌર – ઉર્જા પમ્પ '' ની, વર્ષ–૨૦૧૫–૧૬ ના સમયગાળા ની યોજના હેઠળ તા.૨૦–૦૬–૧૫ ના રોજ, રૂ.૧,૦૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને પરીવર્તીત કરાવેલ હતી. પીજીવીસીએલ તરફથી સદર અરજી ને, '' સૌર – ઉર્જા પમ્પ ની, વર્ષ–૨૦૧૪–૧૫ ના સમયગાળા ની યોજના હેઠળ'' પરીવર્તીત કરાયેલ હતી. અને તે મુજબ અરજદાર ને સૌર – ઉર્જા પમ્પ ની મંજુરી ની રકમ રૂ.૩૬,૫૦૦/– નુ તા.૨૭–૧૧–૧૫ ના રોજ ભાવપત્રક અપાયેલ હતુ. જેની રકમ અરજદારે તા.૨૭–૧૧–૧૫ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતી. |

| | |
|---|---|
| <u>૨.૨</u> | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, '' સૌર – ઉર્જા પમ્પ યોજના હેઠળ ની '' પરીવર્તીત થયેલ સદર અરજી ને, તે સમયગાળા ના વર્ષ–૨૦૧૫–૧૬ ની યોજના હેઠળ ની, '' પેઈડ પેન્ડીગ પ્રતિક્ષાયાદી '' મા રાખવામા આવેલ હતી. તેમજ, સ્થળ પર '' સૌર – ઉર્જા પમ્પ '' લગાડવા માટે ની, એમ/એસ લૂબી ઈલેકટ્રોનીકસ ને કામગીરી સોપાયેલ હતી. પરંતુ, અરજદાર પક્ષકારે, '' સૌર – ઉર્જા પમ્પ યોજના '' અંતર્ગત નુ ત્રી પક્ષીય કરારનામુ કરેલ ન હોવાના કારણોસર, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને સૌર – ઉર્જા પમ્પ યોજના મુજબ નુ જોડાણ આપવાની કોઈ કાર્યવાહી થયેલ નથી. જેથી, પીજીવીસીએલ ની સબંધક ભાટીયા પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ને ભાવપત્રક ની રકમ પરત મેળવવા માટે, તા.૧૦–૦૩–૧૬ અને તા.૨૮–૧૦–૧૬ ના બે યાદીપત્રો અપાયેલ છે. પરંતુ, અરજદારે આજદિન સુધી સદર રકમ પરત મેળવવા માટે ની અરજી કરેલ નથી. પરંતુ, સદર જોડાણ '' સોલાર સીસ્ટમ '' લગાડી અને ચાલુ કરવાની માંગણી કરેલ છે. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી અરજણભાઈ કેશુરભાઈ લગારીયા એ, તેઓ શ્રી ના ગામઃ કેનેડી ના ખેતીવાડી સર્વે નંબર : ૨૮૮ પૈકી ૨ પૈકી ૨ વાળી જમીન પર મા આવેલ બોર પર, સામાન્ય યોજના હેઠળ ના, ૭.૫ હોપા ના, નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અગાઉ તા.૨૪–૦૯–૧૨ ના રોજ ની પીજીવીસીએલ મા અરજી નોંધાવેલ હતી. અને પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ની સદર તા.૨૪–૦૯–૧૨ ના રોજ ની અરજી ને, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, તા.૨૨–૦૬–૧૫ ના રોજ '' સૌર – ઉર્જા પંપ યોજના '' હેઠળ ની, આ સમયે, એટલેકે, માહે જુન–૧૫ના સમયગાળા દરમ્યાન અમલમા હોય તે મુજબ ની, વર્ષ–૨૦૧૫–૧૬ ની સરકાર શ્રી ની પ્રારીત યોજના હેઠળ પરીવર્તીત કરવામા આવેલ હતી. જે, મુજબ પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને સદર પરીવર્તીત થયેલ '' સૌર – ઉર્જા પંપ યોજના '' અંતર્ગત નુ રૂ.૩૬,૫૦૦/– નુ ભાવપત્રક, જે તા.૨૮–૧૦–૧૫ ના રોજ અપાયેલ હતુ. જેની રકમ અરજદારે તા.૨૭–૧૧–૧૫ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ હતી. |
| <u>૩.૨</u> | સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, અરજદાર શ્રી ની, ૭.૫ હોપા ની, સોલાર પંપ યોજના હેઠળ ની અરજી, જે ખરેખર, કયા વર્ષ – એટલેકે ૨૦૧૫–૧૬ ? કે ૨૦૧૬–૧૭ ના કવોટા હેઠળ આવરી લેવાયેલ ના કવોટા હેઠળ નો? પેઈડ પેન્ડીગ પ્રાયોરીટી નંબર અપાયેલ છે ? તેમજ, વર્ષ – ૨૦૧૫–૧૬ મા ૭.૫ હોપા ની પરીવર્તીત ની નોંધણી નિયમાધીન હતી કે ? સદર ૭.૫ હોપા ની સોલાર પંપ ની અરજી ને, ખરેખર કયા વર્ષ ના કવોટા હેઠળ આવરી લેવાયેલ છે? વગેરે બાબતે, પીજીવીસીએલ પક્ષકાર બીલકુલ અસ્પષ્ટ અને પ્રત્યુતરહિન રહેલ છે. તદ ઉપરાંત, સદર અરજી પરત્વે નિયમાધીન રીતે, '' અરજદાર શ્રી, પીજીવીસીએલ પક્ષકાર, તેમજ સોલાર પંપ એજન્સી ના પ્રતિનીધી '' વગેરે એ સાથે રહીને, ખાસ કરીને અરજદાર શ્રી ને સ્થળ પર સાથે રાખીને, માંગણી મુજબ ના કુવા / બોર ના પાણીના લેવલ ની ચકાસણી નો રીપોર્ટ , જે અરજદાર શ્રી ની સંમતી દર્શક સહી સાથે કરવાની બાબત પણ, પીજીવીસીએલ પક્ષકાર માટે અત્યંત જરૂરી હોવા છતા, પીજીવીસીએલ તરફથી આ મુજબ ની કોઈ કાર્યવાહી થયેલ હોવાની બાબત ની જાણકારી ફોરમ કમિટી ને અપાયેલ નથી. તદ ઉપરાંત, અરજદાર શ્રી એ જો '' ત્રી પક્ષીય કરારનામુ '' કરેલ ન હોય તો, આ કરારનામુ કરવા માટે ની જાણકારી આપતો, આગવો પત્ર વ્યહવાર, જે પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી સાથે કરેલ હોય, અને ત્યારબાદ યાદી પત્રો આપેલ હોય, તેમ છતા, અરજદાર શ્રી એ કરારનામુ કરેલ ન હોય, વગેરે બાબતો ને અનુલક્ષીને રેકર્ડ આધારીત સ્પષ્ટતાઓ પીજીવીસીએલ પક્ષકાર તરફથી કરાયેલ નથી. અને આ મુજબ ના વર્ણવ્યા મુજબ ના તમામ પાસાઓ અન્વયે ની કોઈપણ એક પાસાની પૂર્તતા અરજદાર તરફથી ન થયેલ હોવાનુ ચોકકસ કારણપણ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજૂ થયેલ નથી. અને પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને, '' સોલાર પંપ યોજના '' અંતર્ગત ના અગાઉ ભરપાઈ થયેલ રકમ પરત મેળવી લેવાના પત્રો ની જ માત્ર જાણકારી ફોરમ કમિટી ને અપાયેલ છે. પરંતુ, સદર રકમ રીફંડ આપવા પાછળ નુ ચોકકસ કારણ, કે જેમા નિયમાધીન અને રેકર્ડ આધારીત સમર્થન મળતુ હોય તેવુ કારણ પીજીવીસીએલ પક્ષકાર તરફથી સદર કેઈસ મા, રજુ કરાયેલ નથી. જેથી, સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, અધુરી / અપુરતી / અસ્પષ્ટ કાર્યવાહી થયેલ હોવાની બાબત, જે પીજીવીસીએલ તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ અહેવાલ ની વિગતો અભ્યાસે લેતા, ફોરમ કમિટી ને સ્પષ્ટ જણાયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૩</u> | ઉપરોક્ત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતો ની બાબતો ફોરમ કમિટી દ્રારા, પીજીવીસીએલ પક્ષકાર ની દલીલો સાંભળી અને રજુ કરાયેલ વિગતો, ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા ફોરમ કમિટી ને જણાયેલ છે કે – '' સરકાર શ્રી દ્રારા વ્યાપક પ્રચાર હેઠળ આવરી લેવાયેલ એવી હરીતક્રાંતી હેઠળ ની પ્રોસ્તાહીત નીતિ અન્વયે ની તંદુરસ્ત પર્યાવરણ હેઠળ ની સીથાઈ કરવા માટે ની સોલાર વોટર પમ્પ યોજના '' અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સદર કેઈસ મા – સરકાર શ્રી દ્રારા પ્રારીત એવી યોજના ને આનુષાંગીક એવી – પીજીવીસીએલ મા પ્રસ્થાપિત થયેલ નિયમાઘીન પ્રક્રીયા હેઠળ ની, જે કંઈ ખામીઓ અને ક્ષતિઓ રહેલ છે. તે તમામ પ્રકાર ની નિયત થયેલ પ્રક્રીયાઓમા રહેલ ખામીઓ અને ક્ષતિઓ ને પીજીવીસીએલ ની સબંઘક વર્તુળ કચેરી ના ખાસ ઘ્યાન પર મુકી અને આ ખામીઓને દુર કરી અને, નિયમાઘીન પ્રક્રીયા હેઠળ ફરી વખત આવરી લેવાની બાબત ફોરમ કમિટી ને, પીજીવીસીએલ ના નિયમાઘીન યોગ્ય અને ન્યાયિક રીતે વ્યાજબી જણાયેલ છે. |
| <u>૩.૪</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતેની ખામીઓ દુર કરી, સદર કેઈસ ને, ફરી વખત નિયમાઘીન પ્રણાલી હેઠળ આવરી લઈ, અને તે મુજબ, અરજદાર શ્રી નુ, તા.૨૨–૦૬–૧૫ ના રોજ સોલાર પંપ યોજના હેઠળ નોંઘાયેલ, અને મળેલ મંજુરી અન્વયે અરજદાર શ્રી એ મંજુરી અન્વયે ના ભાવપત્રક ની રકમ રૂ.૩૬,૫૦૦/– ની તા.૨૮–૧૦–૧૫ ની સ્થિતી ને જાળવી રાખી, અને તેને – વર્ષ–૨૦૧૬ –૧૭ ના ક્વોટા અન્વયે ની પેઈડ પેન્ડીગ ની પ્રતિક્ષાયાદી ક્રમ હેઠળ મુકી, અને તે નિયત થયેલ પ્રતિક્ષાયાદી ક્રમ મુજબ જ, અરજદાર શ્રી ના સદર જોડાણ ને, વર્ષ–૨૦૧૬ –૧૭ ના ક્વોટા હેઠળ ચાલુ કરવાની તમામ નિયમાઘીન કાર્યવાહી દિન–૩૦ મા પૂર્ણ કરી અને દિન–૬૦ મા સદર જોડાણ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ ચાલુ કરવા બાબતે નો આ સાથે પીજીવીસીએલ ની સક્ષમ વર્તુળ કચેરી ના સતાઘીશ ને આદેશ આપવા બાબતે નો, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદદા નં. ૩.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતેની તમામ ક્ષતિ દુર કરી, અને તે મુજબ, કેઈસ ને, મુદદા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે સ્પષ્ટ કરી, અને મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે ની વર્ણવ્યા મુજબ ની નિયમાઘીન પ્રક્રીયા હેઠળ ફરી એક વખત આવરી લઈ, અને તે મુજબ, અરજદાર શ્રી ના, અગાઉ મંજુર કરાયેલ એવા સદર સોલાર પંપ યોજના હેઠળ ના ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ને, વર્ષ–૨૦૧૬–૧૭ ના ક્વોટા હેઠળ ની મંજુરી મા પ્રસ્થાપિત કરી અને, અરજદાર શ્રી નુ અગાઉ મંજુર કરાયેલ એવુ ૭.૫ હોપા નુ સદર સોલાર પંપ યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ – જે, પીજીવીસીએલ દ્રારા અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા સંપન્ન કરી – અને તે મુજબ સદર જોડાણ દિન–૬૦ મા, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ ચાલુ કરવા સબબનો, પીજીવીસીએલ ની સક્ષમ એવી વર્તુળ કચેરી ના સતાઘીશ ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..